# શહેર-જિલ્લામાં વધુ ૫૦ કેસ : ૪ મૃત્યુ

## શહેરમાં વધતા જતા કોરોના સંક્રમણને પગલે ભારે ચિંતા : ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ અને શહેરમાં ૧૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે કોરોનાનું વિકરાળ સ્વરૂપ બહાર આવ્યુ છે. આજે શહેર-જિલ્લામાં એક જ દિવસમાં ૫૦ કેસ નોંધાયા છે તો છેલ્લા ૨૪ કલાકમા ૪ દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયા છે.

શહેરમાં આજે ૧૫ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ કેસ નોંધાતા આરોગ્યતંત્ર સ્તબ્ધ બની ગયુ છે. આજે આટલી મોટી સંખ્યામાં કેસો નોંધાતા સમગ્ર જિલ્લામાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લામાં ચાર દર્દીઓના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે. જેમાં ગાંધીનગર શહેરમાં સે. ૨૭ના દર્દી જે ૭૫ વર્ષના હતા. છેલ્લા સાત દિવસથી તેઓ સારવાર માટે હોસ્પિટલમાં હતા તેમનું આજે વહેલી સવારે મોત થયુ છે.

ગાંધીનગર માહિતી ખાતાના નિવૃત્ત નાયબ માહિતી નિયામક ભાટકરનું પણ પાંચ દિવસથી જેઓ સારવાર હેઠળ હતા તેમનું આજે દુઃખદ અવસાન થયુ છે. તેઓ વાવોલ ખાતે રહેતા હતા. તેમના અવસાનના સમાચારથી માહિતી ખાતામાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

આ ઉપરાંત કલોલ અને માણસાના પણ એક દર્દીનું અવસાન થયુ છે. માણસાના ૭૦ વર્ષીય મહિલાનું ગઈકાલે મોડી સાંજે અવસાન થયુ હતુ. તો કલોલના એક ૬૩ વર્ષીય દર્દીનું પણ ગઈકાલે મોડી સાંજે અવસાન થયુ હતુ.

છેલ્લા ૨૪ કલાકમાં ૪ દર્દીના મોતના સમાચારને પગલે સમગ્ર જિલ્લામાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૬૮ થઈ છે. ગાંધીનગર શહેરમાં પણ સારવાર દરમ્યાન ૧૪ દર્દીના મોત નીપજ્યા છે. શહેર અને જિલ્લામાં મૃત્યુદર વધી રહ્યો હોવાથી તંત્ર પણ ચિંતીત બન્યુ છે.

આજે જે રીતે કોરોનાના કેસો બહાર આવ્યા છે તે ગાંધીનગર બીજુ સુરત બનવા તરફ ગતિ કરી રહ્યુ હોય તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. જિલ્લામાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થઈ ગયુ છે અને કોરોના તેની વિકરાળતા બતાવી રહ્યો છે. જે રીતે દર્દીઓની સંખ્યા અને મૃતકોની સંખ્યા વધી રહી છે તે જોઈને તંત્ર પણ આજે સ્તબ્ધ બની ગયુ હતુ.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૩૫ કેસ નોંધાયા

### ગાંધીનગર તાલુકામાં ૮, દહેગામમાં ૭, માણસા-કલોલમાં ૧૦-૧૦ કેસ નોંધાયા : વધુ ૩ દર્દીના સારવાર દરમ્યાન મોત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક જ દિવસમાં ૩૫ કેસ નોંધાતાં જિલ્લાનું આરોગ્યતંત્ર સ્તબ્ધ બની ગયું છે. સારવાર દરમ્યાન વધુ ૩ દર્દીના મોત નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધવાની સાથે મૃત્યુઆંક પણ વધી રહ્યો હોવાથી તંત્રની ઊંઘ ઉડી જવા પામી છે. આજે જિલ્લામાં ૩ દર્દીના સારવાર દરમ્યાન મોત થયા છે તેમાં ગાંધીનગરમાં ૧, કલોલમાં ૧ અને માણસામાં ૧ દર્દીનું મોત થયું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૫ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૭, માણસામાં ૧૦, કલોલમાં ૧૦ કેસ નોંધાયા છે. કલોલ, માણસા અને દહેગામમાં કોરોનાના કેસોની સંખ્યામાં વૃદ્ધિ થતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૧ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૬ વર્ષના બાળકથી લઈ ૭૦ વર્ષના વૃદ્ધ સહિત તમામ વય ગ્રુપમાં કેસો નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે શિહોલી મોટી ગામે ૩૮ વર્ષીય પુરૂષ, રાંધેજામાં ૬ વર્ષનું બાળકનો કેસ નોંધાયો છે. રાંધેજામાં ૬ વર્ષનું બાળક પોઝીટીવ દર્દીના સંપર્કમાં હોવાથી તે પણ ચેપગ્રસ્ત બન્યું છે.

હોટસ્પોટ બનેલ અડાલજમાંથી આજે બે કેસ મળી આવેલ છે. અડાલજમાંથી એક ૩૫ વર્ષીય પુરૂષ તેમજ એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુઘડમાંથી આજે એક ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉનાવામાંથી ૪૩ વર્ષીય પુરૂષનો, ઉવારસદમાંથી ૪૪ વર્ષીય પુરૂષનો તેમજ વલાદમાંથી એક ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ અર્બનમાંથી એક કેસ મળી આવ્યો છે જ્યારે અન્ય ૬ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. દહેગામ તાલુકાના કડાદરામાંથી ૬૮ વર્ષીય પુરૂષ, પાલૈયામાંથી ૬૦ વર્ષીય મહિલા, વાસણા ચૌધરીમાંથી ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સાંપામાંથી એક સાથે ૩ કેસ મળી આવ્યા છે.

તંત્રએ આ સાતેય દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યા છે.

માણસા તાલુકામાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર હચમચી જવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે માણસા શહેરમાંથી આજે એક જ દિવસમાં ૭ કેસ પોઝીટીવ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે. શહેરમાંથી ૩૬ વર્ષીય પુરૂષ, ૬૦ વર્ષીય પુરૂષ, ૩૦ વર્ષીય સ્ત્રી, ૯૩ વર્ષીય સ્ત્રી, ૩૨ વર્ષીય પુરૂષ, ૬૦ વર્ષીય સ્ત્રી અને ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૧૦૯ દર્દી હોમ આઈસોલેશનમાં

### ગ્રામ્ય વિસ્તારમાં ૬૯ દર્દીઓ અને શહેરમાં ૪૦ દર્દી હોમ આઈસોલેશનમાં

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે ૧૦૯ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. આજે ગાંધીનગર સહેરમાં નોંધાયેલા ૧૫ કેસોમાંથી ૧૨ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જે એક જ દિવસમાં આ વિકલ્પ સ્વીકારનાર દર્દીઓમાં સૌથી વધુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશન હેઠળ ૬૯ જેટલા દર્દીઓ છે. જ્યારે શહેરી વિસ્તારમાં ૪૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં આજ સુધી છે.

ગાંધીનગર શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેનાર દર્દીઓની સંખ્યા ૧૦૦ને પાર કરી ગઈ છે પરંતુ ૬૦ જેટલા દર્દીઓને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૩૯૩ પર પહોંચી છે. જેમાંથી ૯૮૫ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

# સે-૧૯માં એક જ ઘરમાંથી પાંચ કેસ મળી આવ્યા

### શહેરમાં બીજીવાર પખવાડિયામાં ૧૫ કેસ નોંધાયા : સે. ૫, સે. ૬-બી, સે. ૧૪, સે. ૨૮, સે. ૩-એ-ન્યુ, પાલજ ઉપરાંત સે. ૨૬ માં ૩, સે. ૨૪ માં ૨ કેસ નોંધાયા : મેડીકલ ઓફિસર, લેબ. આસિ. તેમજ મંત્રીના કાર્યાલયના ક્લાર્ક કોરોનાની ઝપટમાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં આજે એક જ દિવસમા ૧૫ કોરોનાના પોઝીટીવ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૪૪૬ પર પહોંચી છે.

શહેરમાં છેલ્લા પંદર દિવસમાં આટલી મોટી સંખ્યામાં બીજીવાર ૧૫ કેસ શહેરમાં એક જ દિવસામાં નોંધાયા છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૧૯ માં એક સાથે પાંચ કેસ પોઝીટીવ આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે. મળતી વિગતો પ્રમાણે એક જ મકાનમાં રહેતા ૮૧ વર્ષીય વૃદ્ધા અને તેમના ૪ સર્વન્ટસના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે અને આ પાંચેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી અને તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તેમને મંજૂરી આપી છે.

સે. ૧૯ એટલે ગાંધીનગરનું વી.આઈ.પી. સેક્ટર ગણાય છે ત્યાંથી આજ સુધીમાં ૮ થી વધુ કેસ મળી આવતાં હવે આ સેક્ટર પણ હોટસ્પોટ બનવા તરફ જઈ રહ્યું છે.

આજે નોંધાયેલા અન્ય કેસોમાં સે. ૫ માં ૧, સે. ૬-બી માં ૧, સે. ૧૪ માં ૧, સે. ૨૬ માં ૩, સે. ૨૪ માં ૨, સે. ૨૮ માં ૧, સે. ૩-એ માં ૧ અને પાલજ ગામમાંથી વધુ એક કેસ મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે પાલજમાંથી એક ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપી છે. જે તંત્રએ મંજૂર રાખેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આ મહિલાનો પરિવાર જી.આઈ.ડી.સી.માં ધંધા સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે.

સે. ૬-બી માંથી એક ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૧૪ માંથી એક ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તે મેડીકલ ઓફિસર તરીકે સેવાઓ આપી રહેલ છે. આ મહિલા તબીબે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જે તંત્રએ મંજૂર રાખેલ છે.

સે. ૨૮ નજીક આવેલ પ્રેસ છાપરા વિસ્તારમાંથી એક ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર

## વાત ગાંધીનગરની

રાજ્યમાં અને ગાંધીનગરમાં સતત વધતા કોરોના સંક્રમણને પગલે રાજ્ય સરકાર ભારે ચિંતિત છે. છેલ્લા પાંચ દિવસથી પોઝીટીવ દર્દીઓની સંખ્યા એક હજારથી વધુ નોંધાતા સમાજમાં પણ ભારે સન્નાટો વ્યાપ્યો છે. સામાન્યઃ બજારમાં ૨૫-૩૦ ટકાનો વ્યાપાર-ધંધો હતો જે છેલ્લા ચાર દિવસથી ૧૨ થી ૧૫ ટકા સુધી ઘટાડો અનુભવાય છે.

**મુખ્યમંત્રી આજે રાજકોટ-વડોદરા પહોંચશે**

રાજકોટ અને વડોદરામાં કોરોના સંક્રમીતોની સંખ્યા કુદકે ને ભૂસકે વધી રહી છે. મૃત્યુઆંક પણ ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યો છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સવારે રાજકોટ અને બપોરે વડોદરા પહોંચી સ્થિતિની સમિક્ષા કરશે. સ્થિતિને નિયંત્રણમાં લેવા જરૂરી નિર્ણયો કરાશે. વધતાં જતાં મૃત્યુઆંકને પગલે જીવનરક્ષક દવાઓ ઉપલબ્ધ કરાવવા સંદર્ભે આવશ્યક સૂચનાઓ અપાશે.

**અધ્યક્ષની ઓચિંતી મુલાકાતથી ફફડાટ**

વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ આજે બપોરે અચાનક વિધાનસભા કાર્યાલયની એકે એક શાખાની મુલાકાત લીધી હતી. માસ્ક પહેર્યા વગર કામ કરતા ચાર કર્મચારીઓને ૫૦૦-૫૦૦ રૂ.નો દંડ ભરાવ્યો હતો. એટલુ જ નહી સામાન્ય લક્ષણોનો અણસાર આવતા બે કર્મચારીઓને રજા પર ઉતારી દીધા હતા. રાજેન્દ્ર ત્રિવેદી શિસ્તના આગ્રહી છે અને પોતાના જ કાર્યાલયમાં સરકારી નિયમોનુ પાલન થાય છે કે નહી તેની તપાસ કરી એક અનોખુ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. મંત્રીઓએ પણ પ્રેરણા લેવા જેવી ખરી.

**પાટીલ પહોંચ્યા રાજભવન**

ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાતે પહોંચ્યા હતા. મુલાકાત ઔપચારિક જ હતી પરંતુ ગાંધીનગરની રાજકીય ગલીઓમાં જાતજાતની ઘુસપુસ શરૂ થઈ હતી. મંત્રીમંડળના વિસ્તરણથી લઈ રાજ્યની વહીવટી સ્થિતિ અંગે જાતજાતના મુદ્દાઓ ચર્ચાતા જોવા મળ્યા હતા. જોકે સ્વર્ણિમ સંકુલમાં ૬૦ ટકા જેટલાને તો કાગનો વાઘ કરવાની ટેવ પડી ગઈ છે.

**હવે વડીલો ઘરમાં પણ કંટાળ્યા છે**

છેલ્લા ચાર-ચાર મહિનાથી ઘરમાં ફરજિયાત બંધ રહેવાને કારણે શહેરમાં અસંખ્ય વયોવૃદ્ધ નાગરિકો કંટાળી ગયા છે. તેમની પરંપરાગત બાંકડા બેઠકો થઈ શકતી નથી, મંદિરે જઈ શકાતુ નથી, મોર્નિંગ કે ઈવનીંગ વોકમાં જવા માટે પણ ઘરના લોકોએ મનાઈ ફરમાવી છે. માધ્યમોમાં પણ કોરોના-કોરોના જ સમાચારોમાં હાવી બન્યો છે ત્યારે વડીલો માનસિક રીતે પડી ભાંગ્યા છે અને હજુ કોઈ ચોક્કસ મુદત નથી કે આ કપરોકાળ ક્યારે પુરો થશે.

**પર્જન્ય યજ્ઞ યોજાશે**

શહેરના જાણીતા ઉદ્યોગપતિ એન.પી. પટેલે પ્રતિ વર્ષની પરંપરા મુજબ આજે બપોરે ગાંધીનગર-માણસા રોડ ઉપર વેસ્ટર્ન એગ્રી સિડ્સના રીસર્ચ ફાર્મ પર વરૂણદેવને રીઝવવા અને કોરોના નાબુદીના હેતુથી ૧૭ મા વર્ષે પર્જન્ય યજ્ઞનું આયોજન કર્યુ છે અને તે પણ સોશીયલ ડીસ્ટન્સીંગ અને માસ્ક સાથે.

**'અર્ક' આજનો...**

ખોટુ એ ખોટુ જ છે, ભલે ને બધાં કરતાં હોય, સાચુ એ સાચુ જ છે, ભલેને કોઈ ન કરતું હોય...

# માસ્ક નહી પહેરનારને હવેથી ૫૦૦ રૂ.નો દંડ

### જાહેરમાં થૂંકનારાઓ પાસેથી પણ ૫૦૦ રૂ.નો દંડ વસુલવામાં આવશે : સાદા માસ્ક રૂ. ૨ માં મળી શકશે

ગાંધીનગર, તા. ૨૮

કોરોનાના વધતા સંક્રમણને પગલે ગુજરાત સરકારે માસ્ક નહીં પહેરનારાઓ પાસેથી રૂ. ૫૦૦ નો દંડ વસુલવાનો આકરો નિર્ણય કર્યો છે. ૧લી ઓગષ્ટથી આ નિર્ણયનો અમલ કરવામાં આવશે. જાહેરમાં થૂંકનારાઓ પાસેથી પણ ૫૦૦ રૂ.નો દંડ વસુલવામાં આવશે.



સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર જેવા મહાનગરો ઉપરાંત નાના શહેરો અને હવે છેક ગ્રામ્ય વિસ્તાર સુધી કોરોનાનો પગ પેસારો થયો છે. દરરોજ સંખ્યાબંધ કેસ મળી રહ્યાં છે. અનલોક બાદ પરિસ્થિતિ વધુ વણસી છે. લોકોની અવરજવર વધતાં અને માસ્ક પહેરવા બાબતે નિષ્કાળજી કોરોનાનો ચેપ વધુ ફેલાવી રહી છે. કોરોનાના વધતા સંક્રમણને પગલે માસ્ક ન પહેરવા બાબતે રાજ્ય સરકારે આકરો નિર્ણય કર્યો છે. જાહેરમાં માસ્ક ન પહેરનારાઓ પાસેથી અગાઉ ૨૦૦ રૂ.નો દંડ વસુલવામાં આવતો હતો જેને હવે વધારીને ૫૦૦ રૂ. કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આગામી તા. ૧લી શનિવારથી ગુજરાતમાં જાહેરમાં માસ્ક ન પહેરનારા લોકો-વ્યકિતઓ તેમજ જાહેરમાં થૂંકનારા લોકોને ૫૦૦ રૂપિયાનો દંડ કરવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ નાગરિકો, પ્રજાજનોને સરળતાથી માસ્ક ઉપલબ્ધ થઈ શકે તે હેતુસર એવો પણ નિર્ણય કર્યો છે કે રાજ્યભરના અમૂલ પાર્લર પરથી માત્ર બે રૂપિયાની કિંમતે સાદા માસ્ક નાગરિકોને મળી શકશે.

આ માસ્ક રૂ. ૧૦ ની કિંમતે પાંચ માસ્કના પેકિંગમાં જાહેર જનતાને અમૂલ પાર્લર પરથી મળી રહે તેવા દિશાનિર્દેશો પણ મુખ્યમંત્રીએ આપ્યા છે.

તેમણે સમગ્ર રાજ્યમાં તા. ૧ ઓગસ્ટથી આ દંડની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવા પણ તંત્રવાહકોને સૂચના આપી છે.

# ગુડાના એલઆઈજી આવાસોમાં ભાડુઆતો અંગે સર્વે હાથ ધરાયો

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા નિર્મિત આવાસોમાં રહેતા ભાડુઆતો અંગે સર્વે હાથ ધરાયો છે. ગુડાના રાયસણ ,અડાલજ અને ચિલોડા સ્થિત આવાસોમાં તંત્રની ટીમ દ્વારા ભાડુઆતોના રહેણાંક અંગે ચકાસણી કરવામાં આવી રહી છે. જો કે ભાડુઆતોને આવાસ ખાલી કરવા માટે આ ગતિવિધિ હાથ ધરાઈ નથી પરંતુ ગુડાના આવાસોમાં જાળવણીના મામલે સોસાયટીની રચના થઈ નથી તે અંગે આગામી દિવસોમાં આયોજન કરવા માટે પણ નવતર વિચારણા હાથ ધરવામાં આવશે.

### વર્ષોના અંતે પણ ગુડાના આવાસોમાં સોસાયટીની રચના ન થતા જાળવણીનો પ્રશ્ન વધુ જટીલ બન્યો

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા નિર્મિત આવાસોમાં હાલ ભાડુઆતોની ચકાસણી કરવામાં આવી રહી છે. જો કે કોઈપણ ભાડુઆતોને મકાન ખાલી કરવા માટે ગુડાએ સુચના આપી નથી પરંતુ ગુડા નિર્મિત આવાસોમાં છેલ્લા કેટલાક સમયથી આવાસની જાળવણીનો પ્રશ્ન જટીલ બન્યો છે. ત્યારે આવા સંજોગોમાં ગુડાના આવાસમાં સોસાયટીનુ નિર્માણ કરવાની પ્રક્રીયા પણ હાથ ધરાઈ નથી. ત્યારે ગુડાના આવાસોની જાળવણીનો પ્રશ્ન સળગતો બન્યો છે. આવાસોમાં પાણી આવતુ નથી સફાઈ થતી નથી જયારે આવાસ ફાળવવામાં આવ્યુ હોય તેવા કિસ્સામાં મુળ લાભાર્થીઓની જગ્યાએ ભાડુઆતો હોવાની વાત પણ સામે આવી છે. જો કે આવાસની જાળવણીના મામલે અગાઉથી જ પ્રશ્નો ઉઠતા રહ્યા છે ત્યારે હાલ ગુડાના રાયસણ , ચિલોડા, અડાલજ સહીતના વિસ્તારમાં નિર્માણ કરાયેલા આવાસોમાં રહીશો અનેક સમસ્યાઓથી ઘેરાયેલા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે ગુડાએ પણ આ મામલે આવાસોમાં રહેતા ભાડુઆતોનો સર્વે હાથ ધર્યો છે. જેમાં ગુડાની ટીમ સ્થળ પર પહોંચી આવાસમાં ભાડુઆત રહે છે કે મુળ માલિક તે અંગે પણ સર્વે કરી રહ્યા છે. આગામી દિવસોમાં હજુ સર્વેની પ્રક્રીયા ચાલુ રહેશે જેના અંત ગુડાના આવાસમાં ભાડુઆતોની સંખ્યા પણ સ્પષ્ટ થઈ જશે. જો કે હાલ આ આવાસોમાં ભાડુઆતોની ચકાસણીના અંતે મકાન ખાલી કરાવાશે નહી તેવી પણ સુત્રોમાંથી માહીતી મળી છે.

# ગાંધીનગર મનપામાં ડે. મ્યુનિ. કમિશનર તરીકે ડૉ. અગ્રવાલ નિમાયા

### ડે. મ્યુનિ. કમિશનરની બીજી જગ્યા સરકારે પ્રોબે. અધિકારીની નિમણુંકથી ભરી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વધતાં જ રાજ્ય સરકારે વધુ ૧ નાયબ મ્યુનિ. કમિશનરની જગ્યા ભરી દીધી છે. જો કે હજુ આસિ. કમિશનરોની જગ્યાઓ ભરવાની બાકી રહે છે.

રાજ્ય સરકારના મહેસુલ વિભાગે આજે ૨૯ જેટલા ગેસ કેડરના અધિકારીઓ જે સીધી ભરતીથી આવ્યા છે તેમનો પ્રોબેશન પિરિયડ ચાલી રહ્યો છે તેમાંથી આજે યુવા અધિકારી ડૉ. જિતેન્દ્ર અગ્રવાલને ગાંધીનગર મનપામાં નાયબ મ્યુનિ. કમિશનર તરીકે મુકવામાં આવ્યા છે.

ડૉ. અગ્રવાલ આ પૂર્વે સંતરામપુર, કડાણામાં પ્રાંત અધિકારી તરીકે ફરજો બજાવી ચુક્યા છે.

ગાંધીનગર મનપામાં તેમની નિમણુંક કરવામાં આવી છે. તદ્દન નવા અધિકારીને આ ખાલી જગ્યા પર નિમણુંક આપવામાં આવી છે તેઓ એકાદ-બે દિવસમાં આ નવી જગ્યાનો ચાર્જ સંભાળશે તેમ જાણવા મળેલ છે.

તાજેતરમાં જ રાજ્ય સરકારે ગાંધીનગર મહાનગરપાલિકામાં ૧૮ ગામ અને ૧ નગરપાલિકા ભેળવી દેતાં મનપાની કામગીરીમાં પણ વધારો થવા પામ્યો છે અને વધતા જતા કામને ધ્યાને રાખી ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારમાં રજુઆત પણ કરાઈ હતી.

સરકારે મનપાની રજુઆતોને પ્રવર્તમાન સંજોગોમાં મંજૂર રાખી આ ખાલી જગ્યા ભરી છે. સરકાર દ્વારા આસિ. કમિશનરોની ભરતીના હુકમો પણ ટુંકમાં કરવામાં આવશે. મનપામાં હાલ એક આસિ. કમિશનર છે.

ગાંધીનગર મનપાની હદ વધતાં તંત્રએ હવે નવી જગ્યાઓ મંજૂર કરવા માટેની દરખાસ્ત પણ તૈયાર કરવાની કવાયતો હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com